રજુ તારીખઃ–	૨૫/૦૨/૨૦૨૦
દાખલ તારીખઃ–	૨૫/૦૨/૨૦૨૦
ફેંસલ તારીખઃ–	૨૦/૧૨/૨૦૨૪
સમયગાળોઃ–	વર્ષઃ ૦૪ માસઃ૦૯ દિવસઃ૨૫

મે. મજુર અદાલત, અમદાવાદનાં પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી એ.એમ. શેખ સાહેબ સમક્ષ.

રેફરન્સ (ડી) નં.૬૦/૨૦૨૦

આંકઃ–૫૫

પ્રથમ પક્ષકારો :– (૧) ભાગીદારશ્રી કિશોરભાઈ શંકરભાઈ પટેલ
(સામાવાળા) **ધી મેજીક પ્રિન્ટ**
ઠે.ર ૧૬૭, કોઝી હોટલની પાછળ,
રાણીપુર પાટીયા પાસે, સરખેજ હાઈવે, અમદાવાદ.
(૨) ભાગીદારશ્રી રંજનબેન અનિલભાઈ પટેલ
ધી મેજીક પ્રિન્ટ
ઠે. ૯, સ્ટેલર ટાવર, સેકન્ડ ક્રોસ લાઈન,
લોખંડવાલા કોમ્પ્લેક્ષ, અંધેરી (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૫૩

વિરુદ્ધ

બીજા પક્ષકાર:– **પ્રમુખ, સતીષચંદ્ર બી.પરમાર**
(અરજદાર) જનરલ એન્જીનીયરીંગ મઝદુર યુનિયન (સીટુ)
ઠે.૨૦૯, સરદાર પટેલ ચેમ્બર્સ વિભાગ–બી,
બેન્ક ઓફ મહારાષ્ટ્ર સામે, વસંત ચોક, ભદ્ર,
લાલદરવાજા, અમદાવાદ–૩૮૦૦૦૧

....

પ્રથમ પક્ષકાર નં.૧ તરફે **:–** વિ.વ.શ્રી બી.એમ.શેઠ
પ્રથમ પક્ષકાર નં.ર તરફે :– ગેરહાજર
બીજા પક્ષકાર તરફે **:–** વિ.પ્રતિ.શ્રી એસ.બી.પરમાર

....

–: એ વો ર્ડ :–

આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારોને હવે પછી સામાવાળા/સંસ્થા તરીકે અને બીજા પક્ષકારને અરજદાર / યુનિયન તરીકે સંબોધવામાં આવશે.

(૧) આ કામના અરજદાર યુનિયને સંસ્થામાં કામ કરતા કર્મચારીઓને પગાર

ગ્રેજયુઈટી, રીટ્રેન્ચમેન્ટ, બાકી પગાર, બાકી બોનસ, નોટીસ પગારની રકમ ચુકવ્યા સિવાય સંસ્થા બંધ કરેલ હોઈ કાયદેસરના હકકોની માંગણીઓ અંગે સામાવાળા સંસ્થાને નોટીસ આપી મદદનીશ મજુર કમિશ્નરશ્રી, અમદાવાદ સમક્ષ ડીમાન્ડ બાબતનો વિવાદ ઉપસ્થિત કરેલ. જે વિવાદનું પક્ષકારો વચ્ચે સમાધાન નહીં થતા, નાયબ મજુર કમિશ્નરશ્રી, અમદાવાદ ધ્વારા અરજદાર તથા સામાવાળા સંસ્થા વચ્ચેનો આ વિવાદ પરિશિષ્ટ–અ માં જણાવ્યા મુજબની અનુસૂચિની ડીમાન્ડના ન્યાય નિર્ણય અર્થે નાયબ શ્રમઆયુકતશ્રી, અમદાવાદ નાઓએ તેમના હુકમ ક્રમાંક–નાશ્રઆ/અવિ/ટે–૧૬/આઈડીઆર/એજે/૩૭૩/૨૦૨૦/૪૫૯૦ તા–૧૮/૨/૨૦૨૦ થી અત્રેની મજુર અદાલતને રીફર કરેલ જે અનુસુચિ નીચે મુજબ છે.

પરિશિષ્ટ–અ

સંસ્થા ધ્વારા તા–૩૦/૪/૨૦૧૯ ના રોજ નોટીસ બોર્ડ ઉપર નોટીસ લગાવી સંસ્થા તા–૩૧/૩/૨૦૦૯ થી સંસ્થાને સંપૂર્ણપણે બંધ કરવા અંગે નોટીસ લગાવેલ છે. સંસ્થા બંધ કરવાની નોટીસ પાછી ખેંચી લેવાનું અને કામદારોને જયાં સુધી ગ્રેજયુઈટી, રીટ્રેન્ચમેન્ટ, બાકી પગાર, બાકી બોનસ, નોટીસ પગારના કાયદેસરના હકકો સંસ્થાઓના ભાગીદારો નં.(૧) તથા નં.(૨) નાઓ ન ચુકવે ત્યાં સુધી કામદારોને પુરેપુરો પગાર ચુકવી આપવો અને જયાં સુધી સંસ્થા કામદારોને તેમની લેણી રકમ ન ચુકવે ત્યાં સુધી તેના તફાવત સહીતની રકમ ચુકવી આપવા તથા તફાવતની રકમ ઉપર ૧૦ ગણી કોમ્પન્સેશન સાથે ચુકવી આપવાની માંગણી મંજુર કરવી કે કેમ?

(૨) સદર રેફરન્સ અત્રેની અદાલતમાં રીફર થયા બાદ સદર કામે પક્ષકારોને આંક–૨ થી નોટીસ કરતા તે નોટીસ સામાવાળાઓને વગર બજે પરત આવેલ છે, જયારે અરજદારને નિયમસર બજેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક–૫ થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જેમાં જણાવેલ છે કે, પરિશિષ્ટ–બ માં જણાવેલ કામદારો સામાવાળા નં.૧ અને ૨ સંસ્થામાં નોકરીમાં દાખલ તારીખ, હોદ્દાથી

અને પગારથી કાયમી કામદારો તરીકે નોકરીની ફરજો સંપૂર્ણ ખંત, વફાદારી અને કાર્યક્ષમતાથી બજાવતા હતા તથા તેઓની કામગીરીમાં તેઓએ કોઈ બેદરકારી કે અનિયમિતતા દાખવેલ નથી. સામાવાળા નં.૧ અને ૨ સંસ્થાને વિવિધ મજુર કાયદાની જોગવાઈઓ જેવી કે, આઈ.ડી.એકટ, મીનીમમ વેજીસ, પી.એફ., ઈ.એસ.આઈ. એકટની તમામ જોગવાઈઓ લાગુ પડે છે અને તે તમામ જોગવાઈઓનું પાલન કરવાની સામાવાળા નં.૧ અને ૨ સંસ્થાઓની કાયદેસરની ફરજ અને જવાબદારી છે. પરિશિષ્ટ–બ મુજબના કામદારોએ માંગણી ઉપસ્થિત કરેલ જે મુજબ સામાવાળા સંસ્થાના ભાગીદારો નં.૧ અને ૨ નાએ તા–૩૦/૪/૨૦૧૯ ના રોજ નોટીસ બોર્ડ ઉપર નોટીસ લગાવી સામાવાળા સંસ્થા તા–૩૧/૩/૨૦૧૯ થી સંપૂર્ણપણે બંધ કરેલ જે નોટીસ પાછી ખેંચી કામદારોને ગ્રેજયુઈટી, રીટ્રેન્ચમેન્ટ, બાકી પગાર, બાકી બોનસ, નોટીસ પગાર ચુકવેલ નહીં જે સંસ્થાનું પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી હોય પુરેપુરો પગાર તથા લેણી થતી રકમ તથા તફાવતની રકમ વ્યાજ સહીત ચુકવી આપવા અરજ કરેલ છે. તેઓની વધુમાં રજુઆત છે કે, સંસ્થામાં આશરે ૫૦ થી વધુ કામદારો કામ કરતા હોઈ સંસ્થાને ચેપ્ટર–એ ની જોગવાઈઓ લાગુ પડે છે. સંસ્થાનું કલોઝર કરતા પહેલા સંસ્થાએ કલમ–૨૫(એફ)(એફ)(એફ) ની જોગવાઈઓનું પાલન કરેલ નથી. કાયદાના પ્રસ્થિાપિત સિધ્ધાંતો મુજબ કલમ–૨૫(એફ) ની જોગવાઈનું ફરજીયાતપણે પાલન કરવું જરૂરી હોવા છતાં સંસ્થાએ તેનું પાલન કરેલ નથી. તે રીતે સંસ્થાએ ગેરકાયદેસર કલોઝર કરેલ છે. વધુમાં અરજદાર કામદારોએ વારંવાર માંગણીઓ કરી તથા તે અંગે નોટીસ આપવા છતાં તેનો અમલ કરેલ નથી. અરજદાર યુનિયન ધ્વારા પરિશિષ્ટ–અ મુજબ જે માંગણીઓ ઉપસ્થિત કરેલ છે તે વ્યાજબી અને ન્યાયી છે. આમ આ કામના અરજદારોએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં છેલ્લા ૧૦ થી ૨૨ વર્ષ ઉપરાંતથી તેઓની ફરજો બજાવેલ છે સંસ્થાએ તા–૩૦/૪/૨૦૧૯ ની નોટીસના અનુસંધાને તા–૩૧/૩/૨૦૧૯ થી સંસ્થા સદંતર બંધ કરી સંસ્થાની જંગમ અને સ્થાવર મિલકતો બારોબાર નિકાલ કરી નાખે અથવા વેચાણ કરી નાખે તો અરજદાર કામદારોને ખુબજ પારાવાર નુકશાન થાય તેમ છે તથા તેઓના બાકી

નીકળતા કાયદેસરના હકકો પણ ડુબી જાય તેવી પરિસ્થિતિ ઉભી થયેલ છે તેથી સામાવાળા નં.૧ અને ૨ સંસ્થાઓનું સંસ્થામાં કામ કરતા કામદારોને તેઓના બાકી પગાર અને મળવાપાત્ર હકકો ચુકવ્યા સિવાય સંસ્થા બંધ કરવાનું પગલું ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે.

(૨.૧) અરજદારોએ દાદ માંગેલ છે કે, સંસ્થા ધ્વારા તા–૩૦/૪/૨૦૧૯ ના રોજ નોટીસ બોર્ડ ઉપર નોટીસ લગાવી સંસ્થા તા–૩૧/૩/૨૦૦૯ થી સંસ્થાને સંપૂર્ણપણે બંધ કરવા અંગે નોટીસ લગાવેલ છે. જે સંસ્થા બંધ કરવાની નોટીસ પાછી ખેંચી લેવાનો અને કામદારોને જયાં સુધી ગ્રેજયુઈટી, રીટ્રેન્ચમેન્ટ, બાકી પગાર, બાકી બોનસ, નોટીસ પગારના કાયદેસરના હકકો સંસ્થાઓના ભાગીદારો નં.(૧) તથા નં.(૨) ન ચુકવે ત્યાં સુધી કામદારોને પુરેપુરો પગાર ચુકવી આપવો અને જયાં સુધી સંસ્થા કામદારોને તેમની લેણી રકમ ન ચુકવે ત્યાં સુધી તેના તફાવતની રકમ સહીત ચુકવી આપવા તથા તફાવતની રકમ ઉપર ૧૦ ગણી કોમ્પન્સેશન સાથે ચુકવી આપવા તથા સદરહું કામદારોની પરિશિષ્ટ–ક માં જણાવ્યા મુજબ બાકી લેણી પડતી રકમ નામદાર કોર્ટમાં જમા કરાવે વિકલ્પે સંસ્થાની તમામ માલ–મિલકત અને મશીનરી એટેચમેન્ટ કરવાની દાદ માંગેલ છે. અરજદાર કામદારોએ માંગણાના નિવેદન સાથે પરિશિષ્ટ–બ થી અરજદાર કામદારો નં.૧ થી ૪૩ ના નામ, દાખલ તારીખ, હોદ્દો તથા માસિક પગારની વિગતો જણાવેલ છે તથા પરિશિષ્ટ–ક થી સદરહું કામદારોની લેણી રકમની ગણતરીનું પત્રક રજુ કરેલ છે.

(૩) ત્યારબાદ અરજદારે આંક–૬ થી સામાવાળા સંસ્થાની માલ મિલકત અને મશીનરી એટેચમેન્ટમાં લેવા સોગંદનામા સાથે અરજી આપતા તે સાંભળવા માટે રાખેલ ત્યારબાદ નામદાર કોર્ટ ધ્વારા સામાવાળાઓને આંક–૭ થી નોટીસ ઈસ્યુ કરતા તે નોટીસ સામાવાળા નં.૨ ને નિયમસર બજી થયેલ પરંતુ સામાવાળા નં.૧ ને બજે કે વગર બજે પરત આવેલ નહીં જેથી અરજદાર યુનિયન તરફે આંક–૧૦ ની અરજી અન્વયે નામદાર કોર્ટે સામાવાળા નં.૧ ને બેલીફ મારફતે નિયમાનુસાર નોટીસ ચોંડી બજાવવાનો હુકમ કરેલ જે મુજબ આંક–૧૧ થી નોટીસ ઈસ્યુ કરતા બેલીફશ્રીનો રીપોર્ટ

ધ્યાને લેતા નોટીસ ચોંડી બજાવેલ છે તે રીતે સામાવાળા નં.૧ સંસ્થાને નોટીસની બજવણી થઈ ગયેલ છે. ત્યારબાદ આંક–૧૨ થી સામાવાળા નં.૧ તરફે વકીલાતનામું રજુ થયેલ છે પરંતુ લેખિત જવાબ રજુ કરેલ નથી અને ત્યારબાદ સામાવાળાઓને લેખિત જવાબ રજુ કરવા માટે અનેક મુદતો આપવા છતાં જવાબ રજુ નહીં કરતા અરજદાર તરફે આંક–૨૦ ની અરજી અન્વયે નામદાર કોર્ટે સામાવાળા નં.૧ અને ૨ નો જવાબનો હકક બંધ કરેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક–૨૧ થી સંસ્થાની માલ મિલકતની સ્થળ સ્થિતિનું કમિશન કરાવવા કોર્ટ કમિશ્નરની અરજી આપતા સામાવાળા નં.૨ ને બચાવની તક મળી રહે તે માટે નામદાર કોર્ટ ધ્વારા રજી.પો.એડીથી આંક–૨૨ તથા આંક–૨૪ થી નોટીસ ઈસ્યુ કરેલ જે અરજદારની આંક–૨૫ ની અરજી ધ્યાને લેતા સામાવાળા નં.૨ ને નોટીસની બજવણી થઈ ગયેલ છે અને તે બાબતે સામાવાળા નં.૨ ને નોટીસ બજયાનો પોસ્ટનો ટ્રેક રીપોર્ટ પુરાવારૂપે રજુ કરેલ છે તથા આંક–૨૩ થી પોસ્ટની એકનોલેજમેન્ટ રસીદ રજુ કરેલ છે. એ રીતે સામાવાળા નં.૨ ને નોટીસ બજી જવા છતાં આંક–૨૧ ની અરજીનો જવાબ રજુ કરવા હાજર ન રહેતા આંક–૨૭ થી તેમનો જવાબનો હકક બંધ કરેલ ત્યારબાદ નામદાર કોર્ટે અરજદાર તથા સામાવાળા નં.૧ ને સાંભળી આંક–૨૧ ની કોર્ટ કમિશ્નરની અરજી મંજુર કરેલ અને તે હુકમ મુજબ આંક–૩૧ થી કોર્ટ કમિશ્નર પત્ર ઈસ્યુ થતા કમિશ્નરશ્રીએ પક્ષકારોને નોટીસ બજાવી કરેલ પંચકયાસનો રીપોર્ટ તથા તે સાથેના સાધનીક કાગળો આંક–૩૮ તથા નિશાની–૩૮/૧ થી રજુ કરેલ છે. ત્યારબાદ અરજદારના પ્રતિનિધિશ્રીએ આંક–૬ ની મિલકત એટેચમેન્ટ અને વચગાળાની અરજી નોટપ્રેસ કરતા તે ફેંસલ કરવામાં આવેલ.

(૪) સદર કામે અરજદાર યુનિયન તરફે આંક–૪૧ થી કામદાર રમેશભાઈ કાળુભાઈ પટેલ નાએ જુબાનીનું સોગંદનામું રજુ કરેલ છે જેની ઉલટ તપાસ સામાવાળા નં.૧ નાએ કરેલ છે પરંતુ સામાવાળા નં.૨ નાએ કરેલ ન હોય તેઓનો ઉલટ તપાસનો હકક બંધ કરેલ છે. સામાવાળા નં.૨ ને વખતો વખત નોટીસ બજવા છતાં હાજર ન રહેતા નામદાર કોર્ટે તમામ સ્ટેજ બંધ કરેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક–૪૩ થી પુરાવા બંધની

પુરસીસ રજુ કરેલ છે.

આ કામે સામાવાળા નં.૧ તરફે આંક–૪૭ થી પુરસીસ આપી જણાવેલ છે કે, સામાવાળા સંસ્થાઓનો વિવાદ નામદાર હાઈકોર્ટ ધ્વારા નિમાયેલ આરબીટ્રેશનમાં પડતર હતો તે દરમ્યાન સામાવાળા કંપનીનું વેચાણ થઈ ગયેલ છે અને વેચાણમાં આવેલી રકમ આરબીટ્રેશન કચેરીના એકાઉન્ટમાં જમા કરાવેલ છે. સામાવાળી ધી મેજીક પ્રિન્ટ સંસ્થામાં સામાવાળા નં.૧ કિશોરભાઈ શંકરભાઈ પટેલ ૫૦% ના ભાગીદાર હોઈ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચાલતા આરબીટ્રેશનના નિર્ણય મુજબ ફાળે આવતી ૫૦% રકમ ચુકવી આપવા બાહેંધરી આપેલ છે. ત્યારબાદ સામાવાળા નં.૧ તરફે પુરાવો રજુ કરવા માટે અનેક મુદતો આપવા છતાં મૌખિક પુરાવો રજુ ન કરતા આંક–૫૦ ની મુદત અરજી નામંજુર કરી સામાવાળા નં.૧ નો પુરાવાનો હકક બંધ કરેલ છે જયારે અરજદારની આંક–૫૧ ની અરજી અન્વયે સામાવાળા નં.ર નો પુરાવાનો હકક બંધ કરેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક–પર થી સામાવાળાઓ પાસેથી કાયદેસરની બાકી લેણી નીકળતી રકમ અંગેનું ગણતરી પત્રક રજુ કર્યાની પુરસીસ રજુ કરેલ છે અને તે સાથે માર્ક–પર/૧ થી લેણી રકમની ગણતરીનું પત્રક રજુ કરેલ છે, જયારે સામાવાળા નં.૧ નાએ આંક–૫૩ ની પુરસીસ રજુ કરી તે સાથે માર્ક–૫૩/૧ થી અરજદાર કામદારોની લેણી રકમની ગણતરીનું પત્રક રજુ કરેલ છે અને તે ધ્યાને લેવા જણાવેલ છે. વધુમાં અરજદાર કામદાર રમેશભાઈ કાળુભાઈ પટેલનાઓએ આંક–૫૪ ની એફીડેવીટ રજુ કરી નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચાલતા આરબીટ્રેશન કેસમાં હાલના કામદારોને કોઈપણ રકમ ચુકવવાનો હુકમ થયેલ નથી અને અરજદાર કામદાર જીલુભાઈ એસ.દરબાર મરણ ગયેલ છે અને તેમના વારસદાર શકુબેન જીલુભાઈ દરબાર તેમના પત્નિ છે તથા અન્ય કામદાર શૈલેષભાઈ આઈ.ઠાકોરનું અવસાન થયેલ છે અને તેમના વારસદારમાં તેમના માતૃશ્રી લાભુબેન આઈ.ઠાકોર છે અને તે બન્ને કામદારો ગુજરી ગયા હોય તેમના વારસદારોના નામે હુકમ કરવા સોગંદનામાથી જાહેર કરેલ છે.

(૫) આ કામે અરજદાર તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

–:: <u>મૌખિક પુરાવો</u> ::–

ક્રમ	વિગત	આંક/નિ.
૧	અરજદાર યુનિયન તરફે કામદાર રમેશભાઈ કાળુભાઈ પટેલની સરતપાસનું સોગંદનામું	આંક–૪૧

–:: <u>દસ્તાવેજી પુરાવા</u> ::–

ક્રમ	વિગત	આંક/નિ.
૧	પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા–૩૦/૪/૧૯ ના રોજ સંસ્થા બંધ કરવા અંગેની નોટીસ બોર્ડ ઉપર મુકેલ નોટીસની નકલ	નિ.૪૦/૧
૨	અરજદારના કાયદેસરના હકકો ચુકવી આપવા યુનિયન ધ્વારા સામાવાળા સંસ્થાને આપેલ નોટીસની નકલ તા–૧૧/૨/૨૦	નિ.૪૦/૨
૩	ઉપરોકત ક્રમ નં.૨ વાળી નોટીસ રજી.પો.એડીથી મોકલ્યાની અસલ સ્લીપ	નિ.૪૦/૩
૪	સામાવાળા સંસ્થા બંધ છે તેવા શેરા સાથે પરત આવેલ નોટીસનું કવર	નિ.૪૦/૪
૫	સામાવાળા નં.૨ ને રજી.પો.એડીથી નોટીસ મોકલ્યાની અસલ સ્લીપ	નિ.૪૦/૫
૬	ઉપરોકત ક્રમ નં.૫ વાળી નોટીસ સામાવાળા નં.૨ ને બજી ગયેલ તેની એકનોલેજમેન્ટ અસલ	નિ.૪૦/૬
૭	સામાવાળા નં.૧ સંસ્થાના ભાગીદારને રજી.પો.એડીથી નોટીસ મોકલ્યાની અસલ સ્લીપ	નિ.૪૦/૭
૮	ઉપરોકત ક્રમ નં.૭ વાળી નોટીસ સામાવાળા નં.૧ ના ઘરના સરનામે બજી ગયેલ તેની એકનોલેજમેન્ટ અસલ	નિ.૪૦/૮
૯	નામદાર શ્રમ આયુકતશ્રીને દરમ્યાનગીરી કરવા અંગેનો લખેલ પત્રની નકલ તા–૩/૫/૧૯	નિ.૪૦/૯
૧૦	નામદાર શ્રમ આયુકતશ્રી સમક્ષ સામાવાાળ નં.૧ કિશોરભાઈ શંકરલાલ પટેલે આપેલ નિવેદનની નકલ તા–૨૭/૫/૧૯	નિ.૪૦/૧૦
૧૧	અરજદાર યુનિયન ધ્વારા આરબીટ્રેટર સમક્ષ કરેલ લેખિત રજુઆત તથા તે સાથે લેણી રકમના પરિશિષ્ટની નકલ	નિ.૪૦/૧૧
૧૨	અરજદાર યુનિયને કેસની ચાલું કાર્યવાહી દરમ્યાન રજુ કરેલ લેણી રકમનું પરિશિષ્ટ	નિ.૫૨/૧

(૫.૧)સામાવાળા નં.૧ સંસ્થા તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

–:: દસ્તાવેજી પુરાવા ::–

ક્રમ	વિગત	આંક/નિ.
૧	ધી અમદાવાદ મર્કેન્ટાઈલ કો.ઓ.બેન્ક દ્વારા સામાવાળા સંસ્થાને લખેલ પત્રની નકલ	નિ–૪૯/૧
૨	સામાવાળા સંસ્થાના ભાગીદારોની સહીથી ધી અમદાવાદ મર્કેન્ટાઈલ કો.ઓ.બેન્કને લખેલ પત્રની નકલ	નિ–૪૯/૨
૩	સામાવાળી સંસ્થાના ઈન્કમટેક્ષ રીટર્નની ફાઈલ	નિ–૪૯/૩
૪	સામાવાળી સંસ્થાનું એમેન્ડમેન્ટ ઓફ પાર્ટનરશીપ ડીડની નકલ	નિ–૪૯/૪
૫	નામદાર આર્બીટલ ટ્રિબ્યુનલ સમક્ષ કેસ નં.૯/૨૦૨૨ ના કેસમાં રજુ થયેલ મીનીટસ ઓફ મીટીંગની નકલ	નિ–૪૯/૫
૬	અરજદાર યુનિયન કામદારોની બાકી નીકળતી લેણી રકમનું પરિશિષ્ટ	નિ.૫૩/૧

સામાવાળા નં.૨ તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

(૬) સદર કામના યુનિયન પ્રતિનિધિશ્રીની મૌખિક દલીલો સાંભળી તેઓએ માંગણાના નિવેદનમાં જણાવ્યા મુજબની હકીકતો જણાવી અરજદાર કામદારોને પરિશિષ્ટમાં જણાવ્યા મુજબની લેણી રકમ સામાવાળાઓ વ્યાજ તથા ૧૦ ઘણા વળતર સાથે ચુકવી આપે તેવો હુકમ કરવા રેફરન્સ મંજુર કરવા જણાવેલ છે જયારે સામાવાળા નં.૧ ના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી. તેઓએ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, સામાવાળા સંસ્થાઓનો વિવાદ અંગે નામદાર હાઈકોર્ટ દ્વારા નિમાયેલ આરબીટ્રેશનમાં હાલમાં પેન્ડીંગ છે તે દરમ્યાન સામાવાળા કંપનીનું વેચાણ થઈ ગયેલ છે અને વેચાણમાં આવેલી રકમ આરબીટ્રેશન કચેરીના એકાઉન્ટમાં જમા કરાવેલ છે. સામાવાળી ધી મેજીક પ્રિન્ટ સંસ્થામાં સામાવાળા નં.૧ કિશોરભાઈ શંકરભાઈ પટેલ ૫૦% ના ભાગીદાર હોઈ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચાલતા આરબીટ્રેશનમાં જે નિર્ણય થાય તે મુજબ સામાવાળા નં.૧ તેમના ફાળે આવતી ૫૦% રકમ ચુકવી આપવા તેઓ સંમત છે તેવી રજુઆત કરેલ છે અને તેમના મતે અરજદાર કામદારોની

નિશાની–૫૩/૧ થી રજુ કરેલ પત્રક મુજબ લેણી રકમ ચુકવવાની થાય છે. જયારે સામાવાળા નં.૨ તરફે કોઈ હાજર ન રહેતા તેમની દલીલનો હકકબંધ કરેલ છે.

(૭) હાલનાં કામે રેકર્ડ પર રજુ થયેલ માંગણાનું નિવેદન, મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા રેફરન્સ કેસનાં ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

– : : મુ દ્દા ઓ : : –

(૧) શું અરજદાર યુનિયન પુરવાર કરે છે કે, સામાવાળાઓએ તા.૩૦/૪/૨૦૧૯ ના રોજ ની નોટીસના અનુસંધાને તા–૩૧/૩/૨૦૧૯ ના રોજ થી ધી મેજીક પ્રિન્ટ સંસ્થા સંપૂર્ણપણે ગેરકાયદેસર અને આઈ.ડી.એકટની જોગવાઈઓ વિરૂધ્ધ બંધ કરેલ હોય અરજદાર કામદારો સામાવાળાઓ પાસેથી બાકી પગાર, તા–૧/૫/૨૦૧૯ થી ૩૦/૭/૨૦૨૧ સુધીનો પગાર, નોટીસ પગાર, રીટ્રેન્ચમેન્ટ, ગ્રેજયુઈટી, બોનસ તથા રજાઓના પગારની લેણી રકમ ૧૦ ઘણી કોમ્પેન્સેશન સાથે મેળવવા કાયદેસર રીતે હક્કદાર છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) અંશત: હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

–:: કા ર ણો ::–

(૯) **મુદ્દા નંબર–(૧) :–**

આ કામે રેકર્ડ પર પક્ષકારોની તકરારો ધ્યાને લેતાં આ તબ્બકે કાયદાની જરુરી જોગવાઈઓનો અત્રે ઉલ્લેખ કરવો જરુરી જણાય છે. જે ઔદ્યોગીક વિવાદ ધારાની જોગવાઈઓ નીચે મુજબ છે.

કલમ–૨ (૦૦) 'છટણી' એટલે શિસ્તના પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ, પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી.

(a) કામદારની સ્વૈચ્છાપુર્વકની નિવૃતિ; અથવા

(b) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેનો રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃતિ વયે પહોંચતા કામદારની નિવૃતિ, અથવા

(bb) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગારના કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાયેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરીની સમાપ્તિ, અથવા

(c) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ;

<u>૨૫(એફ) : કામદારોની છટણીની પુર્વ શરતો.</u>

કોઈ માલીક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારની છટણી :

(ક) તે કામદારને છટણીનાં કારણો દર્શાવતી એક મહિનાની લેખિત નોટીસ આપવામાં આવી ન હોય અને નોટીસની મુદ્દત પૂરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટીસને બદલે નોટીસની મુદ્દત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી :

પરંતુ,

(ખ) તે કામદારને છટણી વખતે અખંડ નોકરીના દરેક વર્ષ માટે અથવા છ મહીનાથી વધુ હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને

(ગ) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી, કરી શકશે નહી. ''

ઉપરોકત જોગવાઈ મુજબ અરજદારને સામાવાળાએ છટણી કરેલ છે કે કેમ તે હકીકતની ચર્ચા કરવાની રહે છે અને તે માટે છટણીની વ્યાખ્યા કલમ–૨(૦૦) માં કરેલ છે. તે નોંધવી જરૂરી બને છે.

(૧૦) આ કામના સામાવાળાઓએ સંસ્થામાં કામ કરતા પરિશિષ્ટ–બ માં જણાવ્યા મુજબના અનુક્રમ નં.૧ થી ૪૩ સુધીના કામદારોને પગાર, ગ્રેજયુઈટી, રીટ્રેન્ચમેન્ટ, બાકી પગાર, બાકી બોનસ, નોટીસ પગારની રકમ ચુકવ્યા સિવાય તા–૩૦/૪/૨૦૧૯ ની નોટીસના અનુસંધાને તા–૩૧/૩/૨૦૧૯ ના રોજથી સામાવાળા સંસ્થા બંધ કરેલ હોય અરજદાર યુનિયને તેમના કામદારોના કાયદેસરના હકકોની માંગણીઓ અંગે સામાવાળા સંસ્થાને નોટીસ આપી મદદનીશ મજુર કમિશ્નરશ્રી, અમદાવાદ સમક્ષ ડીમાન્ડ બાબતનો વિવાદ ઉપસ્થિત કરેલ અને તે વિવાદનું પક્ષકારો વચ્ચે સમાધાન ન થતા નાયબ મજુર કમિશ્નરશ્રી, અમદાવાદ નાએ પરિશિષ્ટ–અ માં જણાવ્યા મુજબની અનુસુચિની ડીમાન્ડના ન્યાય નિર્ણય માટે આ રેફરન્સ અત્રેની અદાલતમાં રીફર કરેલ છે.

અરજદાર યુનિયને આ કામે આંક–૫ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે તેમાં જણાવ્યા મુજબ પરિશિષ્ટ–બ માં જણાવેલ કામદારો સામાવાળા સંસ્થામાં નોકરીમાં દાખલ તારીખ, હોદ્દાથી અને પગારથી કાયમી કામદારો તરીકે નોકરીની ફરજો બજાવતા હતા સામાવાળા સંસ્થાના ભાગીદારો નં.૧ અને ર નાએ તા–૩૦/૪/૨૦૧૯ ના રોજ નોટીસ બોર્ડ ઉપર નોટીસ લગાવી કામદારોના હકકોની રકમ ચુકવ્યા વિના સામાવાળા સંસ્થા તા–૩૧/૩/૨૦૧૯ થી સંપૂર્ણપણે બંધ કરેલ જેથી તેઓએ તા–૩/૬/૨૦૧૯ ના રોજ સામાવાળાઓ સમક્ષ કામદારો બાબતે ચાર્ટડ ઓફ ડીમાન્ડ ઉપસ્થિત કરી વિવાદ ઉપસ્થિત કરેલ. વધુમાં સંસ્થામાં આશરે ૫૦ થી વધુ કામદારો કામ કરતા હોઈ સંસ્થાને ચેપ્ટર–એ ની જોગવાઈઓ લાગુ પડે છે. સંસ્થાનું કલોઝર કરતા પહેલા સંસ્થાએ કલમ–૨૫(એફ)(એફ)(એફ) ની જોગવાઈઓનું પાલન કરેલ નથી. કાયદાના પ્રસ્થિાપિત સિધ્ધાંતો મુજબ કલમ–૨૫(એફ) ની જોગવાઈનું ફરજીયાતપણે પાલન કરવું જરૂરી હોવા છતાં સંસ્થાએ તેનું પાલન કરેલ નથી. તે રીતે સંસ્થાએ ગેરકાયદેસર કલોઝર કરેલ છે. વધુમાં અરજદાર કામદારોએ વારંવાર માંગણીઓ કરી તથા તે અંગે નોટીસ આપવા છતાં તેનો અમલ કરેલ નથી. અરજદાર યુનિયન ધ્વારા પરિશિષ્ટ–અ મુજબ જે માંગણીઓ ઉપસ્થિત કરેલ છે તે વ્યાજબી

અને ન્યાયી છે. આમ આ કામના અરજદારોએ સામાવાળા સંસ્થામાં છેલ્લા ૧૦ થી ૨૨ વર્ષ ઉપરાંતથી તેઓની ફરજો બજાવેલ છે તેથી સામાવાળા નં.૧ અને ૨ નાઓનું સંસ્થામાં કામ કરતા કામદારોને તેઓના બાકી પગાર અને મળવાપાત્ર હકકો ચુકવ્યા સિવાય સંસ્થા બંધ કરવાનું પગલું ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોવાનું જણાવેલ છે. આ કામે અરજદાર યુનિયને માંગણાના નિવેદનના સમર્થનમાં આંક-૪૧ થી અરજદાર કામદાર રમેશભાઈ કાળુભાઈ પટેલના મૌખિક પુરાવા સ્વરૂપનું લેખિત સોગંદનામું રજુ કરેલ છે જેમાં તેઓએ માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતો જેવી જ રજુઆત કરેલ છે અને પરિશિષ્ટ-બ મુજબના કામદારો યુનિયનના સભ્યો છે અને તેઓએ આપેલ સત્તા અને અધિકારની રૂઈએ કામદારો વતી સંસ્થા સમક્ષ માંગણીઓ મુકવા કાયદેસર હકકદાર હોવાનું જણાવેલ છે. અરજદારની ઉલટ તપાસ સામાવાળા નં.૧ સંસ્થા તરફે કરેલ છે જેમાં તેઓએ કબુલ કરેલ છે કે, ''તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થા ધી મેજીક પ્રિન્ટમાં ૨૨ વર્ષથી ફીટર તરીકે કામ કરતા હતા. પ્રથમ પક્ષકાર સંસ્થા તા-૩૧/૩/૨૦૧૯ ના રોજ બંધ થયેલ. સંસ્થા બંધ થઈ તેના ત્રણ મહિના પહેલાનો પગાર ચુકવેલ નહીં તે બાબતે તેઓ તથા અન્ય કામદારોએ પે.વે.અરજી નં.૨૨૦/૨૦૧૯ કરેલ. સદર કામે બાકી પગાર ચુકવી આપવાનો હુકમ થયેલ અને હુકમ મુજબની રકમ પ્રથમ પક્ષકાર નં.૧ કિશોરભાઈ શંકરભાઈ પટેલે સને ૨૦૨૦ માં ચુકવી આપેલ છે પરંતુ હુકમ મુજબની રકમ પ્રથમ પક્ષકાર નં.૨ રંજનબેન અનિલભાઈ પટેલે તેમના ભાગે આવતી રકમ ચુકવેલ નથી. સામાવાળી સંસ્થા બન્ને ભાઈઓના ઝઘડાને કારણે બંધ થઈ ગયેલ છે તથા સંસ્થા બંધ કરતા પહેલા બાકી લેણાની રકમ લઈ જવા નોટીસ ચોંટાડેલ તે અંગે સંસ્થામાં અવાર નવાર ગયેલ પરંતુ લેણી રકમ ચુકવી આપેલ નથી. મેજીક પ્રિન્ટ સંસ્થા વેચાઈ ગયેલ છે.'' તેમ કબુલ કરેલ છે.

(૧૧) સામાવાળાઓ ધ્વારા અરજદારના માંગણા નિવેદન વિરૂધ્ધ કોઈ લેખિત જવાબ કે વાંધા રજુ કરેલ નથી તેથી તે હકીકત બિનપડકારાયેલ છે આ સંજોગોમાં અરજદાર યુનિયનના જણાવ્યા પ્રમાણે પરિશિષ્ટ-બ માં જણાવેલ અનુક્રમ નં.૧ થી ૪૩ કામદારો યુનિયનના સભ્યો હોવાનું અને તે કામદારો સામાવાળા સંસ્થામાં તેમાં જણાવેલ દાખલ તારીખ તથા

હોદ્દા અને પગારથી કાયમી કામદાર તરીકે ફરજ બજાવતા હોવાનું માનવાને કારણ રહે છે. વધુમાં સામાવાળાઓ ધ્વારા આ કામદારો બાબતે કામદાર માલિકના સંબંધો નહીં હોવાની કોઈ તકરાર લીધેલી નથી.

(૧૧.૧)અરજદાર યુનિયને હાલના વિવાદની ડીમાન્ડ ઉપસ્થિત થવાનું જણાવેલ કારણ ધ્યાને લેવામાં આવે તો સામાવાળા સંસ્થા ધ્વારા તા–૩૦/૪/૨૦૧૯ ના રોજ નોટીસ બોર્ડ ઉપર નોટીસ લગાવી ધી મેજીક પ્રિન્ટ સંસ્થા તા–૩૧/૩/૨૦૧૯ થી સંપૂર્ણપણે બંધ કરવા અંગે નોટીસ લગાવતા ઉપસ્થિત થયેલ છે. જે અંગે અરજદાર યુનિયને નિ–૪૦/૧ થી તે નોટીસની નકલ રજુ કરેલ છે તે ધ્યાને લેવામાં આવે તો સામાવાળા સંસ્થાના નં.૧ ભાગીદાર કિશોરભાઈ પટેલ નાઓએ સંસ્થામાં નાણાકીય કટોકટી ઉપસ્થિત થવાથી સંસ્થા તા–૩૧/૩/૨૦૧૯ થી સંપૂર્ણપણે બંધ કરવાનો નિર્ણય લીધેલ હોવાનું જણાવેલ છે અને તેમાં સાથોસાથ તમામ કર્મચારીઓએ તેઓના સંસ્થા સાથેના લાગતા વળગતા હકક હિસ્સા અને અધિકારો મેળવી લેવાના રહેશે અને તે ઉપરાંત જો કોઈ હકક હિસાબો બાકી રહેતા હોય તો તેની જાણ સંસ્થાના પ્રતિનિધિને વહેલામાં વહેલી તકે કરવા જણાવેલ છે અને સંસ્થાના સમાપન સમયે કોઈપણ કર્મચારીને અન્યાય ન રહે તેથી તેના કોઈ હકક હિસાબો બાકી ન રહે તેવી દરેક કર્મચારીઓને અપીલ કરેલ હોવાનું જણાવેલ છે. આમ સામાવાળા નં.૧ તરફેથી મુકવામાં આવેલ નોટીસમાં સંસ્થા તા–૩૧/૩/૨૦૧૯ થી સંપૂર્ણપણે બંધ કરવાનો નિર્ણય લીધેલ હોય કર્મચારી અને કામદારોના હકક હિસ્સા ચુકવી આપવાના છે તેવું સ્પષ્ટ જણાવેલ છે. વધુમાં અરજદાર યુનિયને તેમના કામદારોની લેણી રકમ ચુકવી આપવા નિશાની–૪૦/૨ થી રજુ કરેલ નોટીસ સામાવાળાઓને તા–૧૧/૨/૨૦૨૦ ના રોજ રજી.પો.એડીથી મોકલાવેલ છે જે સામાવાળા નં. ૧ નું નોટીસનું રજી.પો.એડીનું કવર નિશાની–૪૦/૪ થી રજુ કર્યા મુજબ પરત આવેલ છે. સામાવાળા નં.૨ ને નિશાની–૪૦/૬ વાળી પોસ્ટની એકનોલેજમેન્ટ મુજબ નોટીસ નિયમસર બજી ગયેલ છે. સામાવાળા નં.૧ ને તેમના ઘરના સરનામે નિશાની–૪૦/૮ થી રજુ કરેલ પોસ્ટની એકનોલેજમેન્ટ મુજબ

નિશાની–૪૦/૨ વાળી નોટીસ નિયમસર બજી ગયેલ છે. નિશાની–૪૦/૯ થી અરજદાર યુનિયને નાયબ શ્રમઆયુકતશ્રીને ઉપસ્થિત થયેલ ડીમાન્ડની પરિસ્થિતિમાં દરમ્યાનગીરી કરવા તા–૩/૫/૨૦૧૯ ના રોજ પત્ર લખેલ હોવાનું જણાય છે. નિશાની–૪૦/૧૦ થી રજુ કર્યા મુજબ આ કામના સામાવાળા નં.૧ નાએ તા–૨૭/૫/૨૦૧૯ ના રોજ નાયબ શ્રમઆયુકતની કચેરી, અમદાવાદ સમક્ષ નિવેદન લખાવેલ છે અને તેમાં સામાવાળા સંસ્થા ધી મેજીક પ્રિન્ટ બંધ કરેલ હોવાનું અને કુલ ૪૫ શ્રમયોગીઓનો પગાર બાકી હોવાનું જણાવેલ છે. નિશાની–૪૦/૧૧ થી રજુ કર્યા મુજબ અરજદાર યુનિયને નામદાર આરબીટ્રેટર ટ્રિબ્યુનલ સમક્ષ ચાલતા આરબીટ્રેશન કેસ નં.૯/૨૦૨૨ ના કામે કુલ ૪૩ કામદારોની તેની સાથેના એનેક્ષર–એ મુજબ લેણી રકમ બાકી નીકળતી હોય તે ચુકવી આપવા તા–૧૯/૧૦/૨૦૨૩ ના રોજ લેખિત રજુઆત કરેલ છે અને તે સાથે પે.વે.અરજીના કામે હુકમ થયા મુજબની પગારની લેણી રકમની વસુલાત માટે ઈસ્યુ કરેલ રીકવરી સર્ટીફીકેટની નકલ રજુ કરેલ છે. આમ અરજદારોએ રજુ કરેલા ઉપરોકત દસ્તાવેજી પુરાવાઓ ઉપરથી સામાવાળા સંસ્થા તા–૩૦/૪/૨૦૧૯ ની નોટીસના અનુસંધાને તા–૩૧/૩/૨૦૧૯ થી સંપૂર્ણપણે બંધ થયેલ છે અને અરજદાર યુનિયને તેમના કામદારોની લેણી રકમ ચુકવી આપવા સામાવાળાઓને રજી.પો.એડીથી નોટીસની બજવણી કરવા છતાં સામાવાળાઓએ કામદારોને લેણી રકમ ચુકવી આપેલ નથી તેવું સ્પષ્ટ સાબીત થાય છે.

(૧૧.૨)વધુમાં સામાવાળાઓ ધ્વારા આ કામે કોઈ વાંધા જવાબ રજુ કરેલ નથી પરંતુ સામાવાળા નં.૧ એ આંક–૪૭ ની પુરસીસ રજુ કરી જણાવેલ છે કે, સામાવાળા સંસ્થાઓનો વિવાદ નામદાર હાઈકોર્ટ ધ્વારા નિમાયેલ આરબીટ્રેશનમાં પડતર હતો તે દરમ્યાન સામાવાળા કંપનીનું વેચાણ થઈ ગયેલ છે અને વેચાણમાં આવેલી રકમ આરબીટ્રેશન કચેરીના એકાઉન્ટમાં જમા કરાવેલ છે. સામાવાળી ધી મેજીક પ્રિન્ટ સંસ્થામાં સામાવાળા નં.૧ કિશોરભાઈ શંકરભાઈ પટેલ ૫૦% ના ભાગીદાર હોઈ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચાલતા આરબીટ્રેશનના નિર્ણય મુજબ ફાળે આવતી ૫૦%

રકમ ચુકવી આપવા બાહેંધરી આપેલ છે. આમ સામાવાળા નં.૧ નાએ તેમની પુરસીસમાં જણાવ્યા પ્રમાણે ધી મેજીક પ્રિન્ટ સંસ્થાનું પ્રોડકશન તા–૩૦/૩/૨૦૧૯ ના રોજ સંપૂર્ણપણે બંધ થઈ ગયેલ છે અને તે સંસ્થાનું વેચાણ થઈ ગયેલ છે અને તેના નાણા આરબીટ્રેશન વિવાદ પેન્ડીંગ હોય તેના એકાઉન્ટમાં જમા કરાવેલ છે. એ રીતે સામાવાળા સંસ્થા તા–૩૧/૩/૨૦૧૯ ના રોજથી સંપૂર્ણપણે બંધ થઈ ગયેલ હોવાની હકીકતને સામાવાળા નં.૧ સમર્થન કરે છે. સામાવાળા નં.૧ નાએ નિશાની–૪૯/૧ થી અમદાવાદ મર્કેન્ટાઈલ કો.ઓ.બેન્ક લી. નાએ સંસ્થાને લખેલ પત્ર તથા નિશાની–૪૯/૨ થી બન્ને ભાગીદારોની સહીથી ચેક લખવા બાબતે બેન્કને લખેલ પત્ર તેમજ નિશાની–૪૯/૩ થી સને ૨૦૧૭–૧૮ ના ઈન્કમટેક્ષ રીર્ટન તથા નિશાની–૪૯/૪ થી સંસ્થાના પાર્ટનરશીપ ડીડની નકલ તેમજ નિશાની–૪૯/૫ થી આરબીટ્રેશન કેસ નં.૯/૨૦૨૨ માં થયેલ મીનીટસ ઓફ મીટીંગની નકલનો પુરાવો રજુ કરેલ છે.

(૧૧.૩)વધુમાં પરિશિષ્ટ–બ માં જણાવેલા અનુક્રમ નં.૪ ના કામદાર જીલુભા એસ.દરબાર મરણ ગયેલ છે અને તેમના વારસદાર તરીકે તેમની પત્નિ શકુબેન જીલુભા દરબાર હોવાનું તથા અનુક્રમ નં.૪૧ ના કામદાર શૈલેષભાઈ આઈ.ઠાકોર મરણ ગયેલ હોવાનું અને તેમના વારસદાર તેમના માતૃશ્રી લાભુબેન આઈ. ઠાકોર હોવાનું અરજદાર નં.૧ રમેશભાઈ કાળુભાઈ પટેલે આંક–૫૪ ની એફીડેવીટથી જાહેર કરેલ છે.

(૧૧.૪)એ રીતે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા પરિશિષ્ટ–બ માં જણાવેલા અનુક્રમ નં.૧ થી ૪૩ અરજદાર યુનિયનના કામદારો સામાવાળા સંસ્થાના કામદારો છે અને તેમાં જણાવેલ દાખલ તારીખ, હોદ્દા અને પગારથી તેઓ સામાવાળા સંસ્થામાં કાયમી કામદાર તરીકે ફરજ બજાવેલ છે તેનાથી વિરૂધ્ધનો કોઈ પુરાવો સામાવાળા ધ્વારા રજુ કરેલ નથી. વધુમાં સામાવાળા નં.૧ એ નિશાની–૫૩/૧ થી અરજદાર યુનિયનના કામદારોની લેણી રકમનું પત્રક રજુ કરેલ છે તેમાં પણ

પરિશિષ્ટ–બ માં જણાવેલ અનુક્રમ નં.૧ થી ૪૩ કામદારોના નામ જણાવેલા છે જેથી આ કામદારો સામાવાળા સંસ્થામાં તેમાં જણાવેલા હોદ્દા ઉપર વર્ષોથી ફરજ બજાવતા હોવાનું માનવાને કારણ રહે છે. સામાવાળા સંસ્થાએ તા–૩૧/૩/૨૦૧૯ થી સંપૂર્ણપણે બંધ કરેલ છે પરંતુ સંસ્થા બંધ કરવાની નોટીસ સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર સામાવાળા નં.૧ ધ્વારા તા–૩૦/૪/૨૦૧૯ ના રોજ લગાડવામાં આવેલ છે એટલેકે તા–૩૧/૩/૨૦૧૯ ના રોજ સંસ્થા બંધ કરતા પહેલા સામાવાળા ધ્વારા કોઈ નોટીસ લગાડવામાં આવેલ નથી કે બહાર પાડવામાં આવેલ નથી એ રીતે સંસ્થા સંપૂર્ણપણે બંધ કર્યા બાદ સામાવાળાઓ ધ્વારા નિશાની–૪૦/૧ વાળી નોટીસ તા–૩૦/૪/૨૦૧૯ ના રોજ નોટીસ બોર્ડ ઉપર લગાડવામાં આવેલ છે. સંસ્થા બંધ કરતા પહેલા સામાવાળા સંસ્થાએ કામદારોને કોઈ જાણ કરેલ નથી તેમજ સંસ્થામાં કામ કરતા કામદારોને બાકી નીકળતા હકકો અધિકારોની રકમ ચુકવી આપેલ નથી આ સંજોગોમાં સામાવાળાએ તા–૩૦/૪/૨૦૧૯ ની નોટીસના અનુસંધાને સામાવાળા સંસ્થા તા–૩૧/૩/૨૦૧૯ થી સંપૂર્ણપણે બંધ કરવાનું જે પગલું ભરેલું છે તે આઈ.ડી.એકટની જોગવાઈઓ વિરૂધ્ધનું પગલું છે. આઈ.ડી.એકટની કલમ–૨૫(એફ)(એફ)(એફ)(૧) ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો કોઈ કારણે કોઈ અંડરટેકીંગ બંધ કરવામાં આવે ત્યારે, તે બંધ થયાની તરત પહેલા તેમાં ઓછામાં ઓછી એક વર્ષની સળંગ નોકરીમાં હોય તેવો દરેક કામદાર, પેટા કલમ–૨ ની જોગવાઈઓને આધિન રહીને તેની છટણી થઈ હોય તેમ કલમ–૨૫(એફ) ની જોગવાઈઓ અનુસાર નોટીસ અને વળતર માટે હકકદાર રહેશે. આ જોગવાઈને લક્ષમાં લઈ અરજદાર કામદારોનો નોકરીનો સમયગાળો ધ્યાને લેવામાં આવે તો તેઓ આ સંસ્થા બંધ કરવામાં આવી તેની અગાઉ ઘણાં વર્ષોથી સંસ્થામાં કાયમી કામદાર તરીકે નોકરી કરતા હતા તેમ છતાં સામાવાળા સંસ્થાએ સંસ્થા બંધ કરતા પહેલા તેઓને કાયદાની જોગવાઈ મુજબ નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર ચુકવી આપેલ નથી. એ રીતે સામાવાળા સંસ્થા તા–૩૧/૩/૨૦૧૯ થી સંપૂર્ણપણે બંધ કરેલ હોય અને ત્યારબાદ સંસ્થાની ઉત્પાદન પ્રક્રિયા ચાલું ન હોય

તેમજ સામાવાળા નં.૧ નાએ તેમની આંક–૪૭ ની પુરસીસમાં તથા અરજદારે તેમની જુબાનીની એફીડેવીટમાં જણાવ્યા પ્રમાણે સામાવાળા સંસ્થાનું વેચાણ થઈ ગયેલ છે આ સંજોગોમાં સામાવાળાએ સંસ્થા બંધ કરી અરજદાર કામદારોની નોકરીનો ગેરકાયદેસર રીતે અંત આણેલ છે અને તે રીતે સામાવાળાઓએ અરજદાર યુનિયનના કામદારોની છટણી કરેલી હોવાનું માનવાને કારણ રહે છે.

(૧૨) ઉપર ચર્ચા કર્યા મુજબ સામાવાળા ધી મેજીક પ્રિન્ટ સંસ્થા આઈ.ડી.એકટની જોગવાઈઓ વિરૂઘ્ધ ગેરકાયદેસર રીતે બંધ કરેલ આ સંજોગોમાં અરજદાર યુનિયનના કામદારો આ કામે પરિશિષ્ટ–અ માં જણાવ્યા મુજબ બાકી પગાર, તા–૧/૫/૨૦૧૯ થી ૩૦/૭/૨૦૨૧ સુધીનો પગાર, નોટીસ પગાર, રીટ્રેન્ચમેન્ટ, ગ્રેજયુઈટી, બોનસ તથા રજાઓના પગારની પરિશિષ્ટ–ક માં જણાવ્યા મુજબની કેટલી લેણી રકમ મેળવવા હકકદાર બને છે તેનો નિર્ણય કરવાનો રહે છે.

(૧૨.૧)અરજદાર યુનિયને પરિશિષ્ટ–ક માં જણાવ્યા મુજબ અનુક્રમ નં.૧ થી ૪૩ ના કામદારોની બાકી પગાર તથા તા–૧/૫/૨૦૧૯ થી ૩૦/૭/૨૦૨૧ સુધીના બેઠા પગારની માંગણી કરેલી છે અરજદારે જે બાકી પગારની રકમ દર્શાવેલી છે તે ત્રણ માસનો બાકી પગાર બતાવેલ છે. તે અંગે અરજદાર કામદાર રમેશભાઈ કાળુભાઈ પટેલે તેમની આંક–૪૧ ની જુબાનીમાં ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે,''પ્રથમ પક્ષકાર સંસ્થા તા–૩૧/૩/૨૦૧૯ ના રોજ બંધ થયેલ. સંસ્થા બંધ થઈ તેના ત્રણ મહિના પહેલાનો પગાર ચુકવેલ નહીં તે બાબતે તેઓ તથા અન્ય કામદારોએ પે.વે.અરજી નં.૨૨૦/૨૦૧૯ કરેલ. સદર કામે બાકી પગાર ચુકવી આપવાનો હુકમ થયેલ અને હુકમ મુજબની રકમ પ્રથમ પક્ષકાર નં.૧ કિશોરભાઈ શંકરભાઈ પટેલે સને ૨૦૨૦ માં ચુકવી આપેલ છે પરંતુ હુકમ મુજબની રકમ પ્રથમ પક્ષકાર નં.૨ રંજનબેન અનિલભાઈ પટેલે તેમના ભાગે આવતી રકમ ચુકવેલ નથી.'' આમ અરજદારની જુબાની ઘ્યાને લેતા ફેબ્રુઆરી–૨૦૧૯ થી એપ્રિલ–૨૦૧૯ સુધીના બાકી પગારની રકમ અરજદાર કામદારોને ચુકવી આપવાનો સામાવાળાઓ સામે આ અદાલત ઘ્વારા હુકમ થયેલ છે. આ સંજોગોમાં અરજદાર યુનિયનના કામદારોએ પરિશિષ્ટ–ક માં જે ત્રણ

માસના બાકી પગારની માંગણી કરેલી છે તે અંગે અગાઉ હુકમ થઈ ગયેલ હોય તેવી રકમ મેળવવા આ કામે તેઓ હકકદાર થતા નથી. વધુમાં અરજદારોએ સંસ્થા બંધ કર્યા બાદથી તા–૧/૫/૨૦૧૯ થી ૩૦/૭/૨૦૨૧ સુધીના બેઠા પગારની માંગણી કરેલી છે પરંતુ સામાવાળા સંસ્થા તા–૩૦/૪/૨૦૧૯ ની નોટીસના અનુસંધાને તા–૩૧/૩/૨૦૧૯ થી સંપૂર્ણપણે બંધ થઈ ગયેલ છે અને ત્યારબાદ સંસ્થામાં ઉત્પાદન પ્રક્રિયા ચાલું હોય અને સંસ્થાની કામગીરી ચાલું હોય તે બતાવવા અરજદારો ધ્વારા રેકર્ડ ઉપર કોઈ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં સામાવાળાએ સંસ્થા બંધ કર્યાની નોટીસમાં અરજદારોને તેમના બાકી નીકળતા હકક, હિસાબો અને અધિકારો સંસ્થા પાસેથી મેળવી લેવાનું જણાવેલ છે તથા સામાવાળા સંસ્થા વેચાઈ ગયેલ છે તે સંજોગોમાં સામાવાળા સંસ્થા તા–૩૧/૩/૨૦૧૯ થી સંપૂર્ણપણે બંધ થઈ ગયેલ હોય જેથી અરજદાર કામદારો તા–૧/૫/૨૦૧૯ થી ૩૦/૪/૨૦૨૧ સુધીના બેઠા પગારની કોઈ રકમ મેળવવા હકકદાર થતા નથી તેમ કરવામાં આવે છે.

(૧૨.૨)અરજદાર યુનિયનના કામદારોએ પરિશિષ્ટ–ક માં ગ્રેજયુઈટીની રકમની માંગણી કરેલ છે પરંતુ ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી અધિનિયમ ૧૯૭૨ હેઠળ ગ્રેજયુઈટીની કાર્યવાહી માટે અલગ ઓથોરીટીની નિમણૂંક કરવામાં આવેલી છે અને ગ્રેજયુઈટીની રકમ નકકી કરવાની કે તે રકમ ચુકવી આપવાનો હુકમ કરવાની આ કાયદા હેઠળ આ અદાલતને હકુમત રહેલી નથી. વધુમાં અરજદાર યુનિયનના કામદારોએ આંક–૫૨ થી રજુ કરેલ પુરસીસ સાથેની લેણી રકમની ગણતરીમાં ગ્રેજયુઈટીની રકમનો કલેઈમ કરેલ નથી તે સંજોગોમાં ગ્રેજયુઈટીની રકમ ચુકવવાનો કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૧૨.૩)વધુમાં અરજદાર યુનિયનના કામદારોએ પરિશિષ્ટ–ક માં બોનસ તથા રજાઓના પગારની લેણી રકમની માંગણી કરેલી છે પરંતુ આ રકમની ગણતરી કેવી રીતે અને કયા આધારે કરેલી છે તેવી કોઈ સ્પષ્ટતા કરેલી નથી. વધુમાં સામાવાળા સંસ્થા ધ્વારા અરજદાર યુનિયનના કામદારોને અગાઉ બોનસ ચુકવવામાં આવેલ હોય તેવો પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં અરજદાર યુનિયનના કામદારોએ આંક–૫૨ થી રજુ કરેલ

પુરસીસ સાથેની લેણી રકમની ગણતરીના પત્રકમાં બોનસ તથા રજાઓના પગારની રકમનો કલેઈમ કરેલ નથી તે સંજોગોમાં અરજદાર યુનિયનના કામદારો બોનસ તથા રજાઓના પગારની લેણી રકમ મેળવવા હકકદાર થતા નથી તેમ ઠરાવવામાં આવે છે.

(૧૨.૪)વધુમાં અરજદાર યુનિયનના કામદારોએ પરિશિષ્ટ–ક માં જણાવ્યા મુજબ નોટીસ પગાર તથા છટણી વળતરની માંગણી કરેલી છે ઉપર ચર્ચા કર્યા મુજબ સામાવાળાઓએ તા–૩૦/૪/૨૦૧૯ ની નોટીસના અનુસંધાને સામાવાળા સંસ્થા તા–૩૧/૩/૨૦૧૯ થી સંપૂર્ણપણે બંધ કરી દીધેલ છે પરંતુ સંસ્થા બંધ કરતા પહેલા સામાવાળાઓએ અરજદાર કામદારોને તેમના નીકળતા હકક અધિકારોની રકમ ચુકવી આપેલ નથી. સામાવાળા સંસ્થા બંધ કર્યા અંગેની નિશાની–૪૦/૧ વાળી નોટીસમાં સામાવાળા સંસ્થાના નં.૧ ભાગીદાર કિશોરભાઈ પટેલ નાઓએ સંસ્થામાં નાણાકીય કટોકટી ઉપસ્થિત થવાથી સંસ્થા તા–૩૧/૩/૨૦૧૯ થી સંપૂર્ણપણે બંધ કરવાનો નિર્ણય લીધેલ હોવાનું જણાવી તેમાં સાથોસાથ તમામ કર્મચારીઓએ તેઓના સંસ્થા સાથેના લાગતા વળગતા હકક હિસ્સા અને અધિકારો મેળવી લેવાના રહેશે અને તે ઉપરાંત જો કોઈ હકક હિસાબો બાકી રહેતા હોય તો તેની જાણ સંસ્થાના પ્રતિનિધિને વહેલામાં વહેલી તકે કરવા અને સંસ્થાના સમાપન સમયે કોઈપણ કર્મચારીને અન્યાય ન રહે તેથી તેના કોઈ હકક હિસાબો બાકી ન રહે તેવી દરેક કર્મચારીઓને અપીલ કરેલ હોવાનું જણાવેલ છે. આમ સામાવાળા નં.૧ તરફેથી મુકવામાં આવેલ નોટીસમાં સંસ્થા તા–૩૧/૩/૨૦૧૯ થી સંપૂર્ણપણે બંધ કરવાનો નિર્ણય લીધેલ હોય કર્મચારી અને કામદારોના હકક હિસ્સા ચુકવી આપવાના છે તેવું સ્પષ્ટ જણાવેલ છે. આ હકક હિસ્સાની લેણી રકમ મેળવવા માટે અરજદાર યુનિયને આ કામે નિશાની–૪૦/૨ થી ૪૦/૮ સુધીના રજુ કરેલા દસ્તાવેજી પુરાવા મુજબ સામાવાળાઓને તા–૧૧/૨/૨૦૨૦ ના રોજ રજી.પો.એડીથી નોટીસ આપેલી છે જે નોટીસ મળી જવા છતાં સામાવાળાઓએ તેનો કોઈ લેખિત જવાબ આપેલ નથી કે અરજદાર યુનિયનના કામદારોને લેણી રકમ ચુકવી આપેલ નથી. વધુમાં અરજદાર યુનિયને રજુ કરેલ પરિશિષ્ટ–બ માં જણાવ્યા મુજબના અનુક્રમ નં.૧ થી ૪૩ ના

કામદારો તેમાં જણાવેલ દાખલ તારીખ તથા હોદ્દા અને પગારથી કાયમી કામદાર તરીકે ઘણાં વર્ષોથી સામાવાળા સંસ્થામાં ફરજ બજાવતા હોવાનું સાબીત થયેલ છે. વધુમાં સામાવાળા સંસ્થાના ભાગીદારો ધ્વારા આરબીટ્રેશન કેસ નં.૯/૨૦૨૨ કરેલ છે અને તેમાં હાલના અરજદાર યુનિયને નિશાની-૪૦/૧૧ થી રજુ કર્યા મુજબની લેખિત રજુઆત કરી તેમની લેણી રકમનું પરિશિષ્ટ રજુ કરેલ છે પરંતુ આરબીટ્રેશન કોર્ટમાં હાલના અરજદાર યુનિયનના કામદારોને કોઈપણ લેણી રકમ ચુકવવાનો કોઈ હુકમ થયેલ નથી તેવું અરજદાર નં.૧ રમેશભાઈ કાળુભાઈ પટેલ આંક-૫૪ ની એફીડેવીટથી જાહેર કરેલ છે. વધુમાં સંસ્થા બંધ કર્યાની નોટીસમાં તથા આ રેફરન્સની ચાલું કાર્યવાહીમાં અરજદાર કામદારોને મળવાપાત્ર હકક હિસ્સા અંગે સામાવાળા ધ્વારા કોઈ ઈન્કાર કરેલ નથી. વધુમાં સામાવાળા નં.૧ એ નિશાની-૫૩/૧ થી રજુ કરેલ ગણતરીના પરિશિષ્ટમાં પણ અનુક્રમ નં.૧ થી ૪૩ ના કામદારોના નામ તથા છેલ્લો પગાર અને નોકરીના વર્ષની વિગત મુજબ છટણીના વળતરની ગણતરી રજુ કરેલ છે. વધુમાં આઈ.ડી.એકટની કલમ-૨૫(એફ) તથા ૨૫(એફ)(એફ)(એફ) ની જોગવાઈ ધ્યાને લેતા આ કામના સામાવાળાઓએ તા-૩૦/૪/૨૦૧૯ ની નોટીસના અનુસંધાને તા-૩૧/૩/૨૦૧૯ થી સંસ્થા સંપૂર્ણપણે બંધ કરી કામદારોની છટણી કરેલ છે તે સંજોગોમાં આ જોગવાઈ મુજબ અરજદાર યુનિયનના કામદારો એક માસનો નોટીસ પગાર તથા સંસ્થા બંધ કર્યાની તારીખ- ૩૦/૪/૨૦૧૯ સુધીના નોકરીના દરેક વર્ષ માટે પંદર દિવસના સરેરાશ પગાર પ્રમાણે નોકરીના વર્ષો મુજબ છટણી વળતર બન્ને સામાવાળાઓ પાસેથી મેળવવા કાયદેસર હકકદાર બને છે તેમ ઠરાવવામાં આવે છે.

(૧૩) આમ સદર કામે પરિશિષ્ટ-બ માં જણાવેલા અરજદાર યુનિયનના અનુક્રમ નં.૧ થી ૪૩ ના કામદારો તેમાં જણાવેલી દાખલ તારીખ, હોદ્દા અને છેલ્લા માસિક પગાર આધારે નીચે કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે એક માસનો નોટીસ પગાર તથા સંસ્થા બંધ કર્યા તા-૩૦/૪/૨૦૧૯ સુધીના છટણી વળતરની રકમ બન્ને સામાવાળાઓ પાસેથી મેળવવા હકકદાર બને છે.

ક્રમ	કામદારનું નામ	દાખલ તારીખ / વર્ષ	માસિક છેલ્લો પગાર	પગારના ૫૦% થતી રકમ	નોકરી ના કુલ વર્ષ	રીટ્રેન્ચમેન્ટ ની રકમ	૧ માસનો નોટીસ પગાર	કુલ મળવાપાત્ર રકમ
(૧)	રમેશ કે.પટેલ	01-04-98	17050.00	8525.00	21	179025.00	17050.00	196075.00
(૨)	દિનેશ પી.પરમાર	01-04-12	18150.00	9075.00	7	63525.00	18150.00	81675.00
(૩)	રમેશ જે. ત્રિવેદી	01-04-96	12100.00	6050.00	23	139150.00	12100.00	151250.00
(૪)	જીલુભા એસ.દરબાર(મરણ) વારસદાર–શકુબેન (પત્નિ)	01-04-92	10450.00	5225.00	27	141075.00	10450.00	151525.00
(૫)	રાાયસીંગ બી. રાઠોડ	01-04-94	18150.00	9075.00	25	226875.00	18150.00	245025.00
(૬)	કમલેશ વી. રબારી	01-04-05	11550.00	5775.00	14	80850.00	11550.00	92400.00
(૭)	જીગ્નેશ પી. પરમાર	01-04-15	9350.00	4675.00	4	18700.00	9350.00	28050.00
(૮)	ધર્મેન્દ્ર બી. શાહ	01-04-95	11550.00	5775.00	24	138600.00	11550.00	150150.00
(૯)	ગેમરસિંહ સી. દરબાર	01-04-94	12000.00	6000.00	25	150000.00	12000.00	162000.00
(૧૦)	ભુપેન્દ્ર બી. શ્રીમાળી	01-01-94	12700.00	6350.00	25	158750.00	12700.00	171450.00
(૧૧)	નરેશ કે. શ્રીમાળી	01-01-96	14300.00	7150.00	23	164450.00	14300.00	178750.00
(૧૨)	હર્ષદ સી. શ્રીમાળી	01-04-07	9500.00	4750.00	12	57000.00	9500.00	66500.00
(૧૩)	યોગેશ એ. શ્રીમાળી	01-04-07	9000.00	4500.00	12	54000.00	9000.00	63000.00
(૧૪)	ડેરીક એલ. ક્રિશ્ચ્યન	01-01-94	9800.00	4900.00	25	122500.00	9800.00	132300.00
(૧૫)	વિનોદ એ. ઠાકોર	01-01-94	12200.00	6100.00	25	152500.00	12200.00	164700.00
(૧૬)	નરેશ પી. મકવાણા	01-01-08	8800.00	4400.00	11	48400.00	8800.00	57200.00
(૧૭)	ધર્મેન્દ્ર એસ. ભોઈ	01-01-04	9500.00	4750.00	15	71250.00	9500.00	80750.00
(૧૮)	ભલાભાઈ એ. ઠાકોર	01-04-92	9100.00	4550.00	27	122850.00	9100.00	131950.00
(૧૯)	ખેંગુભા જીલુભા દરબાર	01-04-08	8900.00	4450.00	11	48950.00	8900.00	57850.00
(૨૦)	જગદીશ સી. પટેલ	01-01-08	9200.00	4600.00	11	50600.00	9200.00	59800.00
(૨૧)	કાળુભાઈ એસ. સોલંકી	01-01-96	10700.00	5350.00	23	123050.00	10700.00	133750.00
(૨૨)	દિનેશ આર. ભોઈ	01-01-08	8800.00	4400.00	11	48400.00	8800.00	57200.00
(૨૩)	રવિ કે. ભાલકીયા	01-04-01	9500.00	4750.00	18	85500.00	9500.00	95000.00
(૨૪)	વિષ્ણુ આર. રબારી (દેસાઈ)	01-01-94	8060.00	4030.00	25	100750.00	8060.00	108810.00
(૨૫)	ઘનશ્યામ એચ. ભાવસાર	01-04-99	21450.00	10725.00	20	214500.00	21450.00	235950.00
(૨૬)	વિષ્ણુ બી. દરબાર	01-04-99	10500.00	5250.00	20	105000.00	10500.00	115500.00
(૨૭)	પ્રહલાદ ડી. રાઠોડ	01-04-02	10450.00	5225.00	17	88825.00	10450.00	99275.00
(૨૮)	મહેશ એચ. દેવીપુજક	01-04-02	10450.00	5225.00	17	88825.00	10450.00	99275.00
(૨૯)	દલપત આર. ઠાકોર	01-04-09	9350.00	4675.00	10	46750.00	9350.00	56100.00
(૩૦)	વિહાજી બી. ઠાકોર	01-04-12	9900.00	4950.00	7	34650.00	9900.00	44550.00
(૩૧)	રામસીંગ એલ.ઠાકોર	01-04-15	9900.00	4950.00	4	19800.00	9900.00	29700.00
(૩૨)	ભરતસિંહ સી. દરબાર	01-04-03	11700.00	5850.00	16	93600.00	11700.00	105300.00
(૩૩)	હનુમાનદત્ત ડી.ચોરસીયા	01-04-94	11550.00	5775.00	25	144375.00	11550.00	155925.00
(૩૪)	ગુણવંત પી. પટેલ	01-04-94	19000.00	9500.00	25	237500.00	19000.00	256500.00
(૩૫)	ગુણવંત વી.ઠાકોર	1994	12000.00	6000.00	25	150000.00	12000.00	162000.00
(૩૬)	નટવર વી. ઠાકોર	01-04-03	11700.00	5850.00	16	93600.00	11700.00	105300.00
(૩૭)	ચંદુસિંહ સી. ઠાકોર	01-04-03	12000.00	6000.00	16	96000.00	12000.00	108000.00
(૩૮)	મુકેશ ડી. ઠાકોર	01-04-03	10000.00	5000.00	16	80000.00	10000.00	90000.00
(૩૯)	રમતુજી પી. ઠાકોર	01-04-03	11000.00	5500.00	16	88000.00	11000.00	99000.00
(૪૦)	સુરેશ આર. યાદવ	01-04-03	11700.00	5850.00	16	93600.00	11700.00	105300.00
(૪૧)	શૈલેષ આઈ.ઠાકોર (મરણ) વારસદાર–લાભુબેન (માતા)	1994	10000.00	5000.00	25	125000.00	10000.00	135000.00
(૪૨)	સુરેન્દ્ર આઈ. યાદવ	01-04-03	12000.00	6000.00	25	150000.00	12000.00	162000.00
(૪૩)	મહેશપ્રસાદ આર. યાદવ	1994	12000.00	6000.00	25	150000.00	12000.00	162000.00
				TOTAL		**4646775.00**	**497060.00**	**5143835.00**

(૧૪) વધુમાં અરજદાર યુનિયનના કામદારોએ પરિશિષ્ટ–અ માં જણાવ્યા મુજબ લેણી રકમ ૧૦ ઘણી કોમ્પેન્સેશન સાથે ચુકવી આપવાની માંગણી કરેલી છે. સામાવાળાઓએ તા–૩૦/૪/૨૦૧૯ ની નોટીસના અનુસંધાને સંસ્થા તા–૩૧/૩/૨૦૧૯ ના રોજથી સંસ્થા સંપૂર્ણપણે બંધ કરેલ છે અને તે નોટીસમાં તમામ કર્મચારીઓને તેમના નીકળતા હકક હિસ્સા અને અધિકારો મેળવી લેવાનું જણાવેલ છે. હકીકતમાં આ નોટીસ મુકતા પહેલા કે સંસ્થા સંપૂર્ણપણે બંધ કરતા પહેલા સામાવાળાઓએ અરજદાર યુનિયનના કામદારોને તેમના હકક હિસ્સાની લેણી રકમ ચુકવી આપેલ નથી. અરજદાર યુનિયને સામાવાળાઓને તા–૧૧/૨/૨૦૨૦ ના રોજ ડીમાન્ડ નોટીસ આપી કાયદેસરના હકકો અધિકારોની લેણી રકમ દિન–૭ માં ચુકવી આપવાનું જણાવેલ તેમ છતાં સંસ્થાએ તેવી કોઈ રકમ ચુકવી આપેલ નથી. અરજદારોએ તેમના માંગણા નિવેદન તથા પુરાવાના સોગંદનામામાં જણાવ્યા મુજબ તેઓએ તેમની લેણી રકમ મેળવવા સામાવાળાઓ પાસે અવાર નવાર માંગણી કરેલ તેમ છતાં સામાવાળા ધ્વારા તેઓને તેવી કોઈ રકમ ચુકવી આપેલી નથી. વધુમાં અરજદાર યુનિયનના કામદારોએ હાલનો રેફરન્સ કર્યા બાદ પણ સામાવાળાઓ ધ્વારા કોઈ લેણી રકમ ચુકવી આપેલ નથી. સામાવાળાઓએ પરિશિષ્ટ–બ માં જણાવેલા અનુક્રમ નં.૧ થી ૪૩ ના કામદારોની નોકરી, પગાર તથા હોદ્દાની હકીકત ચેલેન્જ કરેલ નથી જેથી આ કામદારો સામાવાળા સંસ્થામાં કેટલા વર્ષથી કયા હોદ્દા ઉપર કેટલા પગારથી કામ કરતા હતા અને તેઓની છટણીની કેટલી રકમ લેણી નીકળે છે તેની સામાવાળાઓને શરૂઆતથી જાણ હોવા છતાં તેઓએ સમય પસાર કરી અરજદાર કામદારોને લેણી રકમ ચુકવી આપેલ નથી. આ કારણોસર અરજદાર યુનિયનના કામદારોને ઘણી યાતનાઓ ભોગવવી પડેલ છે અને વ્યાજની નુકશાની સહન કરવાનો વારો આવેલ છે. વધુમાં સામાવાળા સંસ્થાના બન્ને ભાગીદારોની અંદરોઅંદરના ઝઘડાના કારણે હાલના અરજદાર યુનિયનના કામદારોને તેમના હકક હિસ્સાની લેણી રકમથી વંચિત રહેવાનો વારો આવેલ છે. આ સંજોગોમાં અરજદાર યુનિયનના કામદારોની નીકળતી લેણી રકમ તા–૧/૫/૨૦૧૯ થી ૭% ના સાદા

વ્યાજ સાથે ચુકવવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયના હેતુ જળવાય તેમ છે આ સંજોગોમાં ઉપર પેરા નં.૧૩ ના કોષ્ટકમાં જણાવેલ અનુક્રમ નં.૧ થી ૪૩ ના કામદારો તેમના નામની સામે તેઓની લેણી નીકળતી રકમ તા–૧/૫/૨૦૧૯ થી વસુલ થતા સુધી ૭% ના સાદા વ્યાજ સાથે આ કામના બન્ને સામાવાળાઓ પાસેથી મેળવવા હકકદાર બને છે તેમ ઠરાવવામાં આવે છે.

(૧૫) આમ ઉપર ચર્ચા કર્યા મુજબ સામાવાળાઓએ તા–૩૦/૪/૨૦૧૯ ની નોટીસના અનુસંધાને તા–૩૧/૩/૨૦૧૯ ના રોજથી ધી મેજીક પ્રિન્ટ સંસ્થા સંપૂર્ણપણે બંધ કરવાનું પગલું આઈ.ડી.એકટની જોગવાઈઓ વિરૂધ્ધનું હોઈ પરિશિષ્ટ–બ માં જણાવેલા અનુક્રમ નં.૧ થી ૪૩ ના કામદારો ઉપર પેરા નં.૧૩ ના કોષ્ટકમાં જણાવ્યા મુજબ તેમના નામની સામે તેઓની લેણી નીકળતી રકમ તા–૧/૫/૨૦૧૯ થી વસુલ થતા સુધી ૭% ના સાદા વ્યાજ સાથે આ કામના બન્ને સામાવાળાઓ પાસેથી મેળવવા હકકદાર બને છે તેમ ઠરાવી મુદ્દા નં.૧ નો નિર્ણય ''હકાર'' માં આપવામાં આવે છે અને મુદ્દા નં.ર અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

–:: હુ ક મ ::–

(૧) આ કામના અરજદાર યુનિયનના કામદારોનો હાલનો **રેફરન્સ (ડી) નં. ૬૦/૨૦૨૦** આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

(ર) આ કામના સામાવાળાઓએ તા–૩૦/૪/૨૦૧૯ ની નોટીસના અનુસંધાને તા–૩૧/૩/૨૦૧૯ ના રોજથી ધી મેજીક પ્રિન્ટ સંસ્થા સંપૂર્ણપણે બંધ કરવાનું પગલું આઈ.ડી.એકટની જોગવાઈઓ વિરૂધ્ધનું ઠરાવવામાં આવે છે.

(૩) આ કામના અરજદાર યુનિયનના પરિશિષ્ટ–બ માં જણાવેલા અનુક્રમ નં.૧ થી ૪૩ ના કામદારો ઉપર પેરા નં.૧૩ ના કોષ્ટકમાં જણાવ્યા મુજબ તેમના નામની સામે તેઓની

એક માસના નોટીસ પગાર તથા છટણી વળતરની લેણી નીકળતી રકમ તા–૧/૫/૨૦૧૯ થી તે રકમ વસુલ થતા સુધી ૭% ના સાદા વ્યાજ સાથે આ કામના બન્ને સામાવાળાઓ પાસેથી મેળવવા હકકદાર બને છે તેમ ઠરાવવામાં આવે છે.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૫) લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્ય પધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલના એવોર્ડની પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ : ૨૦–૧૨–૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)
CODE : GJ01031
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.

NARENDRA PATEL ,P.S.